# તુલસી તીનોં ના ગયે;
# ધાર, માર, આકાર.

પારસમણિ કે સ્પર્શસે, કંચન ભઈ તલવાર;
તુલસી તીનોં ના ગયે; ધાર, માર, આકાર.

તુલસીદાસ કહે છે કે પારસમણિનો સ્પર્શ થવાથી લોઢાની તલવાર સોનાની તો થઈ ગઈ પણ તેનાં ધાર, માર અને આકાર ના ગયાં.

પારસમણિએ પોતાનો પ્રભાવ તો જરૂર બતાવ્યો, તલવારનું લોહત્વ ટાળીને તેને સુવર્ણત્વ તો પ્રદાન કર્યું પણ તલવારે પોતાનાં ધાર, માર અને આકાર ના તજ્યાં. કહે છે ને કે કૂતરાની પૂંછડી સો વર્ષ સુધી ભોંયમાં ભંડારી રાખો તોય વાંકી ને વાંકી !

જીવનમાં અનેક પવિત્ર વ્યક્તિઓના સંપર્કમાં અનેક વખત આવીએ છીએ, સંતોના સત્સંગમાં પણ બેસીએ છીએ, શ્રદ્ધેયોમાં શ્રદ્ધા પણ દર્શાવીએ છીએ પણ પાછા ઠેરના ઠેર! ગુણીજનોના ગુણોની અસર આપણા ઉપર અનાયાસે જ થાય છે પણ પ્રતિકૂળ પરિસ્થિતિ આવતાં પાછા જેવા હતા તેવા જ વર્તાઈએ છીએ અર્થાત્ ધાર-માર-આકાર પાછાં મોઢું ઊંચું કરે છે.

લોઢાની તલવાર સોનાની થઈ તેથી તેની કિંમત જરૂર વધી પરંતુ જ્યાં સુધી તેનાં ધાર, માર અને આકાર અર્થાત્ તીક્ષ્ણપણું, પરપીડન અને વક્રતા ન જાય ત્યાં સુધી વિકાસ અધૂરો જ છે, મનુષ્યજન્મની સાર્થકતા બાકી જ છે, ચોર્યાશીના ચક્કરમાંથી છુટકારો મળ્યો નથી.

સંજોગવશાત્, અચાનક જ, ખાસ કાંઈ પ્રયત્ન વિના જ પારસમણિનો સ્પર્શ થઈ ગયો; બગાસું ખાતાં સાકરનો ગાંગડો મોઢામાં આવી ગયો; હઠાત્ સુવર્ણત્વ પ્રાપ્ત થઈ ગયું ! પણ તેથી શું વળ્યું ? જ્યાં સુધી સરળતા, નમ્રતા, સહનશીલતા હૃદયમાં અખંડપણે ન રહે ત્યાં સુધી ઉપર ઉપરનું સુવર્ણપણું શા કામનું ? કયારેક તો આવું સુવર્ણપણું, સુવર્ણમૃગ સમાન પણ સાબિત થાય છે. સાચી સમજણ વિના સદ્‌ગુણોનો અખંડ વાસ થાય ક્યાંથી ?

ધાર, માર, આકારને કોણ કાઢે ? કેવી રીતે કાઢે ?

હરદમ હથોડી હાથ ધરી, સદ્‌ગુરુ મિલા સુનાર;
ધાર, માર સબ મિટા દિયા, કર દિયા આપ સમાન.

જો સદ્‌ગુરુ મળી જાય તો તેઓ જ ધાર, માર, આકારને કાઢી શકે; અથવા તો જેઓ ધાર, માર, આકારને કાઢી શકે તેઓ જ સદ્‌ગુરુ. તેઓ આ ત્રણેને કેવી રીતે કાઢે ? હરદમ હથોડી હાથ ધરીને કાઢે. સુવર્ણત્વ તો સ્પર્શમાત્રથી પ્રાપ્ત થઈ ગયું હતું. પણ હવે તો વાત જુદી છે. હવે તો સદ્‌ગુરુ-સોની સદ્‌ઉપદેશથી હથોડીના ફટકા હરદમ લગાવવાના છે. સદ્‌ગુરુ-સોની શિષ્ય-સુવર્ણને એરણ પર રાખીને જ્યારે સદ્‌ઉપદેશના હથોડા ઝીંકતો હોય ત્યારે સોનાએ ખૂબ સહનશક્તિ,

નિરહંકાર અને વિવેકપૂર્વક એરણ ઉપર પડ્યા જ રહેવું પડે. એકલો હથોડો કે એકલી એરણ કામ ન કરે, પરંતુ એરણનો આધાર લઈ અને હથોડાના ઘા ખમીને સદ્ગુરુ-સોનીને જે ઘાટ ઘડવો હોય તે ઘડવા દેવો જોઈએ. હથોડાનો ઝપાટો બોલતો હોય ત્યારે બુદ્ધિપૂર્વક નિર્બુદ્ધિ થઈને પડ્યા રહેવું પડે. તેથી કહ્યું છે કે ''બુદ્ધિશાળી તે છે કે જે ગુરુ-સંતચરણોમાં બુદ્ધિપૂર્વક નિર્બુદ્ધિ થઈને બેસી શકે છે.'' ત્યારે પણ જો કૂતરાની પૂંછડી જેવો વાંકો સ્વભાવ ન મૂકી શકીએ તો લોઢીકપાળા જ કહેવાઈએ ને ?

ગંગાજી ઘણે દૂર છે તેથી ત્યાં સુધી જઈ શકતા નથી અને જો ગંગાજી આપણને સ્નાન કરાવવા આપણા ઘરે આવે તો આપણી અવળચંડાઈ કહે છે કે ઘરે આવે તે ગંગાજી શાનાં ? ઓપરેશન માટે દવાખાને જવું જરૂરી છે, પણ અપવાદ સ્વરૂપ કોઈ ડૉક્ટર એવા પણ હોય છે કે દરદીના ઘરે જઈને ઓપરેશન કરી નાખે ! તેમ કોઈ સદ્ગુરુ પણ એવા હોય છે કે જેઓ ''ઊંટનાં અઢાર વાંકાં'' જેવા સ્વભાવવાળાનું પણ કલ્યાણ કરીને જ જંપે છે. મા જેમ પોતાના બાળકને પેટપીડા મટાડવા માટે તેને પોતાના બે પગ વચ્ચે દબાવીને, તેનું નાક પકડી રાખીને કડવી દવાનો ઘૂંટડો તેના મોઢામાં ચમચો ઘાલીને ગળે ઉતારી જ દે છે, તેમ કોઈ સદ્ગુરુ-સંતો તેવા પણ હોય છે. બાળકને તે વખતે મા ઝેર જેવી લાગે છે તેમ શિષ્યનું આવી રીતે કલ્યાણ કરનારા ગુરુ, શિષ્યને તે વખતે આંખના પાટા જેવા લાગે છે. અને ક્યારેક તો આવા કિસ્સામાં શિષ્ય, ગુરુ જોડે જીવનભરના અબોલા રાખે છે. પણ તેની લેશ પણ પરવા કર્યા વિના, લોકૈષણાથી ઉપર ઊઠીને ગુરુ-સંતો તો આપણું કલ્યાણ કરીને જ જંપે છે. પોતાના સદ્પ્રયત્નનો યશ બીજાના ફાળે ચાલ્યો જાય તેની પણ તેમને લેશ પણ ચિંતા હોતી નથી. તેમને તો કલ્યાણ થયું, ફક્ત તેનો જ સંતોષ હોય છે.

પારસમણિ તો લોઢાને જ સોનું બનાવી શકે છે, તે અન્ય પદાર્થો ઉપર પોતાનો કાંઈ જ પ્રભાવ પાડી શકતો નથી પરંતુ સદ્ગુરુ-સંતો તો કોઈ પણ વ્યક્તિનું કલ્યાણ કરી શકે છે, શર્ત માત્ર એટલી કે તે તેમના ક્ષેત્રમાં આવેલો હોવો જોઈએ. વળી પારસમણિ લોઢાને સોનું જ બનાવી શકે છે, પારસમણિ નથી બનાવી શકતો; જ્યારે ગુરુ તો લઘુને ગુરુ અર્થાત્ સાચી સમજણવાળા બનાવી દે છે.

પારસમણિ લોઢાની તલવારને જો પારસમણિ બનાવી દે તો પછી તેનાં ધાર-માર-આકાર રહે જ ક્યાં ?

અનુભવીઓએ ગુરુ-સંતોનો મહિમા અપરંપાર ગાયો છે. કહ્યું છે કે -

એક લોહા પૂજામેં રાખત, એક ઘર બધિક પરો;
યહ દુવિધા પારસ નહીં જાનત, કંચન કરત ખરો.

એક લોઢાનો ટુકડો મૂર્તિના રૂપે પૂજામાં હોય અને બીજો લોઢાનો ટુકડો શસ્ત્રના રૂપે શિકારીને ત્યાં પડ્યો હોય, તે ભેદભાવ પારસમણિ નથી રાખતો, તે એમ નથી કહેતો કે જે ટુકડો પૂજામાં છે તેને હું સોનાનો બનાવીશ અને જે શસ્ત્રરૂપે સતત હિંસા કરે છે તે લોઢાને સોનું નહીં બનાવું. એ તો બંનેને સોનાના બનાવી જ નાખે છે.

એક દીપસે જલે દૂસરા, ઉજિયાલા ચહું ઓર;
ભેદ ન પાયે જલે હુએમેં, પહેલા-દૂસરા કૌન ?

એક દીવાથી બીજો દીવો પ્રગટે છે અને ચારે બાજુ પ્રકાશ પાથરે છે. જોનારાને એની જાણ નથી હોતી કે કયા દીવાએ કોને પ્રગટાવ્યો છે. એ રહસ્ય તો પ્રગટનાર અને પ્રગટાવનાર દીવાઓ જ જાણતા હોય છે. જો કે બીજાને પ્રગટાવનાર દીવાને એ વાતનું સ્મરણ રાખવાની જરૂરત જ નથી હોતી કે તેણે કોઈને પ્રગટાવ્યો છે. પણ ક્યારેક તો પ્રગટનાર દીવો પણ આ વાત વિસ્મૃત થવા દે છે, જે તેના માટે યોગ્ય ન કહેવાય. પ્રગટનાર દીવો બીજા પણ અનંત દીવાઓને પ્રગટાવી શકે છે.

એક ઓરડામાં સો વર્ષથી અંધારું હોય તે અંધારાને કાઢવા માટે ત્યાં સો વર્ષ સુધી દીવો રાખવાની જરૂર નથી પડતી, દીવો પ્રગટ થતાંની સાથે જ સો વર્ષના અંધારાનો નાશ થઈ જાય છે, આખા ઓરડામાં પ્રકાશ થઈ જાય છે. તેમ જન્મો અને વર્ષોનું સઘળું અજ્ઞાન પણ ગુરુજ્ઞાન પ્રાપ્ત થતાંની સાથે જ નાશ પામી જાય છે.